પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રીય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

27 માર્ચ 2019

## ભારતીય રિઝર્વ બેંક પંજાબ નેશનલ બેંક પર નાણાકીય દંડ લગાવે છે.

ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) દ્વારા "SWIFT સંબંધિત ઓપરેશનલ નિયંત્રણોનું સમય બદ્ધ અમલીકરણ અને મજબૂતીકરણ" પર જારી કરવામાં આવેલ વિવિધ નિર્દેશોનું પાલન નહી કરવા બદલ 36 બેંકો પર લગાવવામાં આવેલ દંડ સંબંધિત તારીખ 08 માર્ચ 2019ના પ્રેસ પ્રકાશન નંબર 2018-2019/2144 ના સંદર્ભ પ્રત્યે ધ્યાન દોરવામાં આવે છે. તેના અનુસંધાનમાં, ભારતીય રિઝર્વ બેન્કે, તેના 25 ફેબ્રુઆરી 2019 આદેશ દ્વારા, આરબીઆઈ દ્વારા જારી કરવામાં આવેલ ઉપરોક્ત નિર્દેશોનું પાલન નહી કરવા બદલ પંજાબ નેશનલ બેંક (બેંક) પર રૂપિયા 20 મીલીયન (રૂપિયા વીસ મીલીયન) નો નાણાકીય દંડ લગાવેલ છે.

આ દંડ, આરબીઆઈ દ્વારા જારી કરાયેલ ઉપરોક્ત નિર્દેશોનું પાલન કરવાની ઉક્ત બેંકની નિષ્ફળતાને ધ્યાનમાં રાખીને અને બેંકમાં અપરિપાલનની માત્રાના આધારે, ભારતીય રિઝર્વ બેન્કે બેન્કીંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 46 (4) (i) સાથે વંચાણમાં લેતાં કલમ 47A (1) (c)ની જોગવાઈઓ અંતર્ગત તેને મળેલ સત્તાનો ઉપયોગ કરીને લગાવેલ છે.

આ કાર્યવાહી નિયમનકારી અનુપાલનમાં ખામીઓ પર આધારીત છે અને બેંક અને તેના ગ્રાહકો દ્વારા કરવામાં આવેલા કોઈપણ કરાર અને વ્યવહાર ની વૈધ્યતા પર ઉચ્ચારણ કરવાનો ઈરાદો ધરાવતી નથી.

**અજીત પ્રસાદ**
સહાયક સલાહકાર

**પ્રેસ પ્રકાશન : 2018-2019/2300**